INDIAN NATIONAL CONGRESS
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ
''રાજીવ ગાંધી ભવન'', એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨, ૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.incgujarat.com • E-mail : gpcc1234@gmail.com

**અખબારી યાદી** **તા. ૩-૧૦-૨૦૨૫**

# અમદાવાદ ખાતે 'વોટ ચોર – ગાદી છોડ' સહી ઝુંબેશ તથા મીસ્ડકોલ અભિયાનને પ્રચંડ પ્રતિસાદ

- **પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડાના નેતૃત્વમાં "વોટ ચોર- ગાદી છોડ", "મારો મત મારો અધિકાર" સહી ઝુંબેશ અને મીસ્ડ કોલ અભિયાનની અમદાવાદ ખાતે શરૂઆત**
- **પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડા સહિત આગેવાનશ્રીઓએ પદયાત્રા દ્વારા વેજલપુર વિસ્તારના જુદા જુદા બુથમાં રહેતા નાગરિકોના ઘેર ઘેર જઈને વોટ ચોરીને ઉજાગર કરી.**
- **કોંગ્રેસનો કાર્યકર "વોટ રક્ષક" બની ગુજરાતીઓના મતાધિકારની રક્ષા કરશેઃ શ્રી અમિત ચાવડા**
- **વોટચોરોને ખુલ્લા પાડીશું, ગુજરાતની જનતા 2027 માં ગાદી છોડાવશેઃ શ્રી અમિત ચાવડા**
- **વોટચોરી અટકાવવા અને તમારા મતાધિકારને બચાવવા 08047358455 નંબર પર મીસ્ડકોલ કરી "વોટ-રક્ષક" બનવા અપિલ.**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા તારીખ 3 ઓક્ટોબર થી લઈને 10 ઓક્ટોબર સુધી "વોટ ચોર- ગાદી છોડ" મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ અને મીસ્ડ કોલ અભિયાન દ્વારા સમગ્ર ગુજરાતમાં જન-જન સુધી પહોંચીને મતદાતાઓને સંવિધાનિક અધિકાર અંગે જાગૃત કરવાના ભાગરૂપે અમદાવાદ શહેરમાં વેજલપુર વિધાનસભા મતવિસ્તારમાં પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડાના નેતૃત્વમાં "વોટ ચોર- ગાદી છોડ" મારો મત મારો અધિકાર સહી ઝુંબેશ અને મીસ્ડ કોલ અભિયાનની અમદાવાદ ખાતે શરૂઆત કરવામાં આવી. જીવરાજ પાર્ક મેટ્રો ખાતે અમદાવાદ શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી સોનલબેન પટેલ, ધારાસભ્યશ્રી જીગ્નેશભાઈ મેવાણી, ધારાસભ્યશ્રી ઈમરાનભાઈ ખેડાવાલા, ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, શહેર કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી હિંમતસિંહ પટેલ, શ્રી પંકજભાઈ શાહ સહિત વેજલપુર વિધાનસભાના તથા શહેરના આગેવાનશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ અને કાર્યકર્તાઓએ જાહેર જનતાને તેમના સંવિધાનીક અધિકારો અને કઈ રીતે વોટ ચોરી થાય છે તે બાબતે માહિતગાર કર્યા હતા અને ઉપસ્થિત સૌએ સહી ઝુંબેશમાં અભૂતપૂર્વ પ્રતિસાદ આપેલ હતો. ત્યારબાદ પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડા સહિત સર્વેએ પદયાત્રા કરીને વેજલપુર વિસ્તારના જુદા જુદા બુથમાં રહેતા નાગરિકોના ઘેર ઘેર જઈને વોટ ચોરીને ઉજાગર કરીને નાગરિકોને વોટ-રક્ષક બનવા અપિલ કરી હતી તથા તેનો નાગરિકો દ્વારા અભૂતપૂર્વ સકારાત્મક પ્રતિસાદ મળેલ હતો.

પ્રદેશ પ્રમુખશ્રી અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, જે રીતે શ્રી રાહુલ ગાંધીજીના નેતૃત્વમાં આખા દેશમાં વોટ ચોરીનું જે ષડયંત્ર ચાલતું હતું તેને સાબિતી સાથે ખુલ્લુ પાડવામાં આવ્યું છે. જે રીતે ભાજપ સરકારમાં બેઠેલા લોકો ચૂંટણી પંચનો દુરુપયોગ કરી અને વોટ ચોરી કરીને ચૂંટણીઓ જીતી રહ્યાં છે એની સામે આખા દેશમાં લોકો રસ્તા પર ઉતરીને આક્રોશ વ્યક્ત કરી રહ્યાં છે. લોકશાહી વ્યવસ્થામાં આપણને સૌને એટલે કે દરેક ભારતીયને સંવિધાને મતનો અધિકાર આપ્યો છે.

દેશના બંધારણે સમાનતાના અધિકારના ભાગસ્વરૂપ એક વ્યક્તિ એક વોટનો અધિકાર આપેલો છે. દેશના વડાપ્રધાન હોય કે રાષ્ટ્રપતિ હોય કે પછી સામાન્ય નાગરિક હોય તે દરેકના મતની કિંમત સમાન છે. દેશના લોકોના બંધારણના અધિકાર છીનવવા માટે પારંગત એવી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને એના શાસનમાં જે ચૂંટણી પંચ સ્વાયત છે જેની પાસે આ દેશના લોકો પ્રમાણિકતા અને નિષ્પક્ષતાની અપેક્ષા રાખે છે એ ચૂંટણી પંચ આજે ભારતીય જનતા પાર્ટીની કઠપુતળી બની ગઈ છે. વોટ ચોરીથી લોકોના અધિકારો તો છીનવાઈ રહ્યાં જ છે પરંતુ તેમની ઓળખ પણ છીનવાઈ રહી છે. દેશમાં લોકશાહી ખતમ થઈ જાય તેવા સંજોગો ઉભા થયા છે. વોટ ચોરીથી ચૂંટણીઓ જીતી જવાય છે એટલા માટે ગુજરાત હોય કે દેશની સરકાર હોય પ્રજા એકબાજુ મોંઘવારીથી પરેશાન છે, યુવાઓને રોજગાર નથી મળતો, ખેડૂતો આર્થિક રીતે પાયમાલ છે, વેપારીઓના ધંધા-વેપાર ચોપટ થઈ ગયા છે, ગરીબ-સામાન્ય માણસને કોઈપણ અધિકાર કે ન્યાય નથી મળતો, બધા જ વર્ગ-વિસ્તારના લોકો પરેશાન છે. પણ સરકાર બિંદાસ છે કારણ કે સરકારને ખબર છે કે ભલે લોકો ગમે તેટલા નારાજ હોય પણ ચૂંટણીઓ આવશે એટલે અમે વોટ ચોરી કરીશું, ચૂંટણીઓ આવશે એટલે અમે ચૂંટણી પંચને સાથે રાખીને અમે વોટ ચોરી કરી ચૂંટણીઓ જીતી જઈશું. ભલે લોકો ખાડામાં પડે, ભલે લોકોને મોંઘવારીનો માર સહન કરવો પડે, ભરે પેપર ફુટે, ભલે યુવાનોને નોકરીઓના મળે, કર્મચારીઓ આંદોલન કરે, કામદારો પરેશાન હોય પણ સરકારનો કોઈની ચિંતા નથી કારણ કે સરકારમાં બેઠેલા લોકો આ વોટચોરી સાથે સીધા સંડોવાયેલા છે.

તેટલા જ માટે આજે ૩ ઓક્ટોબરથી શરૂઆત કરીને ૧૦ ઓક્ટોબર સુધી ગુજરાતના તમામ શહેરોમાં – તમામ જીલ્લાઓમાં – તમામ તાલુકા અને ગામના બુથ સુધી આ સહી ઝુંબેશની શરૂઆત કરવામાં આવી છે. અમો લોકો પાસે જઈ રહ્યાં છીએ. તેમના વોટના અધિકાર અંગે જાગૃતિ લાવી રહ્યાં છીએ. દેશમાં લોકશાહી બચાવવા માટે અને સંવિધાનોની રક્ષા માટે કોંગ્રેસનો એક-એક કાર્યકર વોટરક્ષક બનીને લોકપાસે જઈને સમર્થન રૂપી સહીની માંગણી કરી રહ્યો છે અને સમર્થનમાં મીસ્ડકોલ કરવા માટે વિનંતી કરી રહ્યાં છે. જ્યારે આખા દેશમાં લોકો આ વોટ ચોરી સામે રસ્તા ઉપર છે, ત્યારે ગુજરાત કોંગ્રેસનો કાર્યકર પણ આવનારા દિવસોમાં આજ રીતે ઘેરઘેર જઈને વોટ ચોરોને ખુલ્લા પાડવાનું કામ કરશે અને વોટ ચોરોને ગાદી છોડવા માટે મજબુર કરીશું.

હેમાંગ રાવલ
મીડિયા કોકન્વીનર અને પ્રવક્તા
9898233038